નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૨૭
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
તા.૨૮ – ૦૯ – ૨૦૧૮.

વિષય:– **વસાહત ખાતે મેળવેલી જમીન અને વિતરણ થયેલ તથા વિતરણ ન થયેલ જમીન પૈકીના વિસ્તારની મુખ્ય માર્ગ કે રેલ્વે લાઈન તથા અન્ય જાહેર હેતુના કામ માટે આવશ્યકતા ઉભી થાય ત્યારે વળતરની વહેંચણી બાબત.**

## // પ રિ પ ત્ર //

ઔદ્યોગિક વસાહત વિકસાવવાના જાહેર હેતુથી મેળવેલી જમીન ઉપર ઔદ્યોગિક વસાહત વિકસાવી કેટલીક જમીનોનું વિતરણ કરવામાં આવ્યું તથા કેટલીક જમીનોનું વિતરણ થયેલ ન હોય, તેવી જમીનોના વિસ્તારની મુખ્ય માર્ગ પહોળો કરવા માટે કે રેલ્વે લાઈન તથા અન્ય જાહેર હેતુની કામગીરી માટે જમીનની આવશ્યકતા ઉભી થાય ત્યારે આવી જાહેર હેતુ માટે આપવાની થતી જમીનોનું વળતર મેળવવામાં આવે છે. જેની વહેચણી નિગમ અને ફાળવણી કરેલ ઉદ્યોગકારની વચ્ચે કયાં હિસ્સામાં કરવી. સદર કપાત થતી જમીનના વળતરની વહેચણી માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

### નિગમે ફાળવણી કરેલ જમીનના કિસ્સામાં કપાત થતી જમીનના વળતરની વહેચણી બાબત.

**(૧) ઉપયોગ થયેલ / ઉપયોગ થઈ બંધ થયેલ મિલ્કત.**

નિગમે ફાળવેલ જમીનમાંથી જમીન સંપાદન થાય ત્યારે તેમાં ઘટાડો થતા વિસ્તાર માટે, મૂળ વિતરણ કિંમતને ૬% સાદા વ્યાજ સાથે કપાત થતી જમીનના વિસ્તાર જેટલી જમીનનું વળતર જે તે ફાળવણીદારને ચુકવવાનું રહેશે.

**(૨) વણવપરાશી મિલ્કત.**

ફાળવણીદાર દ્વારા મિલ્કતનો વપરાશ કરેલ ન હોય, તેવા કિસ્સામાં નિગમના ફાળવણીના નિયમોનું ઉલ્લઘંન થતુ હોય, કપાત થતી જમીનનું કોઈપણ વળતર ફાળવણીદારને ન ચુકવતા તમામ વળતર નિગમે મેળવવું અને ફાળવણીદારને કપાત થતા વિસ્તારનો સુધારા હુકમ જારી કરવો અને વણવપરાશી મિલ્કતનો કબજો નિગમે પરત મેળવવા નિગમની પોલીસી મુજબ અલાયદી કાર્યવાહી કરવાની રહેશે.

**(૩) નિગમના કબજા હેઠળની જમીનના કિસ્સામાં કપાત થતી જમીનનું વળતર મેળવવા બાબત.**

નિગમ કબજા હેઠળની જમીનો કે જે જાહેર હેતુ માટે કપાત થતી હોય તેવી જમીનોના ચોકકસ વિસ્તારની માપણી કરી તથા કપાત થતી જમીનોમાં ઓવરહેડ કે અંડરગ્રાઉન્ડ લાઈનો (ડ્રિનેજ, પાણીની લાઈન, પાવર લાઈન વિગેરે) પસાર થતી હોય તો તે અન્ય વૈકલ્પિક સ્થળે ખસેડવાનો ખર્ચની વસુલાત મેળવી તથા કપાત જમીનોમાં લેન્ડ રેફરન્સ કેસ થયેલ હોય અને તેનો ચુકાદો આવવાનો બાકી હોય તો કોર્ટ દ્વારા આપવામાં આવતો ચુકાદો / હુકમ માન્ય રહેશે તે મતલબનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ કરાવી બાંહેધરી ખત મેળવી અને આ બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક

ઈજનેરશ્રી દ્વારા જરૂરી ટેકનીકલ / તાંત્રિક અભિપ્રાય અને આ અંગેના ખર્ચની વિગતો તથા જમીનની જરૂરીયાત / વૈકલ્પિક વ્યવસ્થાની ચકાસણી કરી નિગમ હસ્તકની કપાત થતી જમીનોનો કબજો જે તે સંસ્થાને તાત્કાલિક સોંપી તેનું વળતર નિગમે મેળવવાનું થાય.

કપાત થયેલ જમીનો અંગેની દુરસ્તી નિગમના તથા મહેસુલી સત્તાના રેકર્ડમાં જે તે શાખા સાથે સંકલનમાં રહી, ક્ષેત્રિય કચેરી દ્વારા અચૂક કરવાની રહેશે.

નિગમ હસ્તકની જમીનોની જે તે સંસ્થા દ્વારા અન્ય હેતુઓ માટે સંપાદન કરવામાં આવેલી હોય તેવી જમીનોનો હેતુફેર થતો હોવાથી નિગમે જી.આઈ.ડી.રૂલ્સ–૨૭ હેઠળ સરકારશ્રીમાથી મંજુરી મેળવવી આવશ્યક છે. જેથી નિગમની ક્ષેત્રિય કચેરીએથી તમામ સાધનિક કાગળો સહિતની દરખાસ્ત જમીન શાખાને મોકલી આપવાની રહેશે અને જમીન શાખાએ સરકારશ્રીમાં જી.આઈ.ડી.રૂલ્સ–૨૭ હેઠળ મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ ઉપરોક્ત નીતિ વિષયક બાબતોનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી(જમીન) ને પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ......

**નકલ રવાના**

❖ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ.....

❖ નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ.......

**રવાના કર્યુ.**

મેનેજર (મહેકમ)